ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજ ખાતે સ્વપંચ ઋષિનો વરઘોડો નિકળ્યો

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તારમાં આવેલ સ્વપંચ ઋષિ મંદિરથી પૂ. સ્વપંચ ઋષિ બાપાનો પટ્ટમો વરઘોડો નિકળ્યો હતો. પ્રાંતિજ ખાતે દર વર્ષની જેમ આવશે પણ સ્વપંચ ઋષિ સમાજ દ્વારા ઋષિપંચમીનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ભાદરવા સુદ-૫ના રોજ ઋષિ મંદિરથી બપોરના સમયે ઋષિ બાપાનો પાલખી સ્વરૂપે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેમાં ભક્તોના ઘરે ઘરે લઈ જવામાં આવ્યો હતો. જેમાં ભક્તો દ્વારા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. જ્યારે નાની ભાગોળ આંટીયા વાસ પાસે સ્વપંચ ઋષિ બાપાના વરઘોડાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને પ્રાંતિજ તથા આજુબાજુમાં રેહતા સ્વપંચ ઋષિ સમાજના હજારો લોકો મોટી સંખ્યામાં વરઘોડામાં જોડાયા હતા અને પ્રસાદ સ્વરૂપે ભોજન લઈ ધન્યતા અનુભવી હતી.

## રાધનપુરમાં નિરાશ્રીત ઠાકોર સમાજની બેઠક યોજાઈ

પાટણના રાધનપુર ખાતે તાજેતરમાં નિરાશ્રીત ઠાકોર સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં નવા પ્રમુખની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં સમાજના પૂર્વ પ્રમુખ સહિતના આગેવાનોએ નવા પ્રમુખ તરીકે રાધનપુરના રતીલાલ ઠાકોરના નામની દરખાસ્ત મુકતા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી અને રતીલાલ ઠાકોરની આ વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



**મોડાસાના રાજપુર, બાયલ ઢાંખરોલમાં નોમના નેજા ચઢયા**

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અતિ પ્રાચીન રાજપુરના રામદેવ મંદિર તેમજ બાયલ ઢાંખરોલના પંચદેવ મંદિર, ગાજણ નવા રણુજા મંદિર, દલીલપુર આશ્રમમાં ભાદરવી નોમના નેજા મહોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મોડાસાના રાજપુર ખાતે આસ્થાના પ્રતિક સમુ રામદેવપીરનું મંદિર આવેલું છે. ભાદરવી સુદ નોમના નેજા ચઢાવવાનું અહીંનું આગવું મહત્વ છે. મંગળવારના દિવસ દરમિયાન ભજન, કિર્તન, લોકડાયરો અને સતસંગનું તેમજ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નેજા મહોત્સવનું આગવું મહત્વ હોવાથી વરસતા વરસાદમાં પણ દૂર દુરથી શ્રદ્ધાળુઓ રામદેવપીરના દર્શન કરવા નેજા સાથે ઉમટી પડયા હતા. અને રામદેવપીરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત બાયલ ઢાંખરોલના પંચદેવ મંદિર, ગાજણ નવા રણુજા મંદિર, દલીલપુર આશ્રમમાં પણ વહેલી સવારથી ભક્તોની ભીડ ઉમટી હતી.

(તસવીર : જય અમીન)

# ચિલોડા આર્મી કેમ્પમાં ભારત-પાક. યુદ્ધની સુવર્ણ જયંતિ ઉજવાઈ

## ૧૯૬૫માં ભારતના વિજયના શિલ્પીઓને સન્માનવામાં આવ્યા : નિવૃત્ત સૈનિકો તથા શહીદોની વિધવા સન્નારીઓને સન્માનવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય સેના દ્વારા ૧૯૬૫ના ભારત-પાક. યુદ્ધ વિજયની સુવર્ણજયંતિ મનાવાઈ રહી છે. ચિલોડા સ્થિત આર્મી કેમ્પમાં પરબતઅલી બ્રિગેડ દ્વારા આ પ્રસંગે ખાસ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં આ યુદ્ધ લડી ચુકેલા નિવૃત્ત સૈનિકો તથા યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની વિધવા સન્નારીઓને સન્માનવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૬૫માં પાકિસ્તાન દ્વારા ઓપરેશન ગીબ્રાલ્ટર અંતર્ગત જમ્મુ-કાશ્મીર હડપ કરી જવાની નાપાક યોજના બનાવાઈ યુદ્ધ છેડવામાં આવ્યું હતું. આ યુદ્ધના બાડમેર સેક્ટરમાં તેનાત ભારતીય સેનાની એક બ્રિગેડ દ્વારા પાકિસ્તાનની સીમામાં ૪૦ કિમી. સુધી ઘુસી મહત્વના શહેર પરબતઅલી પર કબ્જો જમાવવામાં સફળતા મેળવી હતી. ઈન્ડીયન આર્મીના ગોલ્ડન કતાર ડિવિઝન, પરબતઅલી બ્રિગેડ અને ૨૦૧ ગોરખા રાઈફલ્સના નિવૃત્ત સેનાનીઓએ આ સમારોહમાં તેમના અનુભવો વર્ણવ્યા હતા. આ સમારંભમાં યુદ્ધમાં શહીદ થયેલા વીર સૈનિકોની વિધવા વિરાંગનાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ યુદ્ધમાં વપરાયેલા શસ્ત્રો તથા ઓપરેશનનું ખાસ પ્રદર્શન આ પ્રસંગે યોજવામાં આવ્યું હતું.



ગાંધીનગર શહેરમાં ગણેશ ચતુર્થીના રોજ અનેક ભાવિકોએ દુંદાળાદેવની સ્થાપના કરી ગણેશ મહોત્સવની ઉજવણી કરી રહ્યા છે. ભાવિકોએ પોતાના ઘરમાં પણ ગણેશ સ્થાપના કરી પાંચમા દિવસે ગણેશ વિસર્જનનો પ્રારંભ થતા શહેરના સે. ૭માં સતિષભાઈ પ્રજાપતિના ઘરેથી આજે ગણેશ વિસર્જન યાત્રા નીકળી હતી.

(તસવીર : દર્શન મારૂ)



**ઈડરની યુનિક યુ સ્કૂલના બાળકોએ બેંકના કામકાજની પ્રાયોગિક માહિતી મેળવી**

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર ડૉ. કલામના ઈન્ડિયા વિઝન ૨૦૨૦થી પ્રેરિત થઈને શરૂ થયેલ વિશિષ્ટ સ્કૂલ છે. શાળા કક્ષાએથી જ બાળકોમાં વ્યવહારુ જ્ઞાન વિકસે તે માટે હાલમાં શાળાના બાળકોને બેંકની બધી માહિતી મળી રહે તે હેતુથી એક્સિજ બેંક ઈડરની મુલાકાત કરાવી હતી. બેંકમાં બાળકોને બેંકના વિવિધ વિભાગો, વિવિધ ખાતાઓ, લોન, ક્રેડિટકાર્ડની માહિતી રાજેશભાઈ પટેલ દ્વારા બાળકોને માહિતી આપવામાં આવી હતી. બેંકની મુલાકાત કરાવવા બદલ શાળા પરિવારે જિનલબેન અને કૃતિકાબેનને અભિનંદન પાઠવ્યા હતા.

# રાયગઢ પાસે લકઝરી ટ્રક પાછળ ઘુસી જતાં ૨૦થી વધુ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૨૨

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે નંબર ૮ પર આવેલા રાયગઢ પાસે લકઝરી બસ ટ્રક પાછળ ઘુસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સદનસીબે મોટી જાનહાની ટળી હતી. અકસ્માતના પગલે ટ્રાફીક જામ થયો હતો.

રાયગઢ પાસે સોમવારના રાત્રે દસ વાગ્યે રાયગઢ ચાર રસ્તા પાસે ઉભેલા ટ્રક નંબર આર.જે. ૨૭જીબી ૪૦૩૬ ની પાછળ ઉદયપુરથી અમદાવાદ તરફ જતી મુસાફરોથી ખીચોખીચ ભરેલી લકઝરી બસ નંબર આર.જે. ૨૭બીપી૦૪૪૪ નાચાલક જીવણસિંગ પાલીવાલે (રહે. રાજસ્થાન) લકઝરી બસ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતાં ટ્રક પાછળ ધડાકાભેર ઘુસાડી દેતાં લકઝરી બસના ચાલક સહિત ૨૦થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. મુસાફરોની ચીસાચીસથી દોડી આવેલા ગ્રામજનોએ ૧૦૮ દ્વારા ઘાયલોને સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા હતા.

સદ્નસીબે કોઈ જાનહાની થઈ ન હતી. ઘટનાની જાણ થતાં ગાંભોઈ પોલીસ તોબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી અને અકસ્માતના પગલે જામ થયેલો ટ્રાફીક પુર્વરત કર્યો હતો અને મહેશકુમાર જોધ્ધરાજ ખત્રી (રહે. બિહાવર, જી. અજમેર, રાજસ્થાન)ની ફરીયાદના આધારે લકઝરી બસનાચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાયગઢ ગામે કારની ટક્કરે યુવાનનું મોત

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર-શામળાજી ને.હા. નં. ૮ પર આવેલા રાયગઢ ગામ નજીક સોમવારે બપોરના સુમારે રોડ ક્રોસ કરી રહેલા યુવાનને બેફામ ગતિએ પસાર થતી કોઈ અજાણી ટ્રાવેરા ગાડીના ચાલકે ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેના કારણે યુવાનનું ઘટનાસ્થળ પર જ મોત થતાં લોકો ભેગા થઈ ગયા હતા. અકસ્માતની ઘટનાને પગલે મૃતકના પિતરાઈ ભાઈએ ભાગી છુટેલા અજાણ્યા ટ્રાવેરા ગાડીના ચાલક વિરૂદ્ધ ગાંભોઈ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અકસ્માતના બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રાયગઢ ગામના અનિલભાઈ અળખાભાઈ થોરીના પિતરાઈ ભાઈ રાજુભાઈ કાન્તિભાઈ થોરી સોમવારે બપોરના સાડા બારેક વાગ્યાના સુમારે ગામ નજીકના ને.હા. નં. ૮ પરનો રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન બેફામ ગતિએ પસાર થઈ રહેલી વાદળી જેવા રંગની કોઈ ટ્રાવેરા ગાડીના ચાલકે રોડ ક્રોસ કરી રહેલા રાજુભાઈને ટક્કર મારતા તેઓ માર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જીવલેણ ઈજાઓને પગલે રાયગઢના રાજુભાઈ કાન્તિભાઈ થોરી (ઉં.વ.૧૯)નું ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર વાહનચાલક ઘટનાસ્થળ પરથી વાહન સાથે ભાગી છુટ્યો હતો.

અકસ્માતના બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈ અનિલભાઈ થોરીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી ભાગી છુટેલા ટ્રાવેરા ગાડીના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ઝીંઝવામાં યુવતી લાપતા થતા પોલીસ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામની ૨૧ વર્ષની યુવતી કુદરતી હાજતે ગયા પછી ઘરે પરત ના ફરતા આઠ દિવસ બાદ પ્રાંતિજ પોલીસ દફતરે યુવતીના પિતા દ્વારા ફરીયાદ કરવામાં આવી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ઝીંઝવાના રહીશ લાલસિંહ જાડેજાની દિકરી કંચનબા ઉર્ફે હિરલબા ગત તા. ૧૫-૯-૧૫ના રોજ સાત વાગે કુદરતી હાજતે જવા ગઈ હતી. જ્યાંથી આજ દિન સુધી ઘરે પરત ન ફરતા ચિંતાતુર બનેલ દિકરીના માવતરે આજે પોલીસ સ્ટેશન ઉપર ફરીયાદ નોંધાવેલ છે.

## ધાન્ધાર ગઢવાડા વિસા શ્રીમાળી સોની સમાજ યુથ ક્લબના હોદ્દેદારોની વરણી

શ્રીધાન્ધાર ગઢવાડા વિસા શ્રીમાળી સોની સમાજની યુથ ક્લબની સામાન્ય બેઠક પાલનપુરના વિરપુર આશ્રમ ખાતે યોજાઈ હતી. આ બેઠકના પ્રારંભે નવીન કારોબારીની રચના કરવામાંઆવી હતી. જેમાંપ્રમુખ તરીકે રમેશભાઈસોની, મંત્રી તરીકે કમલેશ સોની, ઉપપ્રમુખ તરીકે જતીનભાઈ સોની, રાકેશ સોની, સહમંત્રી તરીકે ગીરીશકુમાર સોની, સંજય સોની, ખજાનચી તરીકે મંજીલ સોની, ઓડિરટ તરીકે અશ્વિનભાઈ સોનીની વરણી કરવામાં આવી છે.

# જિલ્લામાં સામાન્ય વરસાદ બાફ અને ઉકળાટ ઘટ્યો

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં ભર ભાદરવે છેલ્લા ચાર દિવસથી શરૂ થયેલો વરસાદ સોમવારે પણ ધીમીધારે ચાલુ રહ્યો હતો. દિવસ દરમિયાન હિંમતનગરમાં ૪, ઈડરમાં ૨, ખેડબ્રહ્મામાં ૪, પોશીનામાં ૫, તલોદમાં ૬ અને વિજયનગરમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો છે. આ વર્ષે જિલ્લામાં સૌથી વધુ વરસાદ ૧૦૪૯ મીમી ખેડબ્રહ્મા તાલુકામાં નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ પ્રાંતિજ તાલુકામાં ૫૪૧ મીમી થયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર દિવસથી જિલ્લામાં પડી રહેલા ધીમીધારે વરસાદને કારણે બાફ અને ઉકળાટનું પ્રમાણ ઘટી ગયું છે.

## દોઢ ઈંચ વરસાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઘેરાવો જોવા મળી રહયો છે. આકાશમાં અંગડાઈ લેતા વાદળો દિવસ દરમિયાન ગમે ત્યારે ઝાપટુ વરસાવી જાય છે.ગઈકાલે પણ રાત્રે મેઘરાજા મન મુકીને વરસ્યા હતા.રાત્રિના ઘોઘમાર વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા.જયારે ગણેશોત્સવની ઉજવણીમાં પણ વરસાદના લીધે ભાવિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી માહોલ યથાવત રહેતા નગરજનોને ગરમીથી છુટકારો મળ્યો છે. પરંતુ સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ નાગરિકો માટે હેરાનગતિનુ કારણ બની છે. સેકટરોમાં વરસાદના લીધે કાદવ કીચ્ચડની સાથે કચરો તરવરતો નજરે પડે છે. જયારે વરસાદી પાણીનો નિકાલ ન થતા મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે.જેના પરિણામે રોગચાળો બેકાબુ બને તેવી દહેશત છે. વરસાદી વાતવરણના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૪૮.૫ મીમી વરસાદ વરસ્યો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વિશેષ રહયુ હતુ. આજે મહત્તમ તાપમાન ૩૦.૫ ટકા અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડીગ્રી રહયુ હતુ. સતત વરસાદના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યા પાંગરી રહી છે. શહેરમાં સિઝનનો ૬૭૬ મી મી વરસાદ થયો છે. ત્યારે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેશે તેમ પણ હવામાન તજજ્ઞોનુ માનવુ છે.

## ૨૮ ટકા ઘટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વરસાદને લઈ દિવેલા અને ઘાસચારાના વાવેતરમાં પુનઃ વેગ આવ્યો છે. પણ ૨૦ હજાર હેક્ટર જેટલી જમીન પડતર રહેશે તેવું ખેડૂતોનું માનવું છે. જિલ્લામાં આ ચોમાસા દરમ્યાન સૌથી સારો વરસાદ માણસા તાલુકામાં ૭૩૨ મિ.મિ., દહેગામમાં ૬૬૩ મિ.મિ., કલોલમાં ૫૯૯ અને ગાંધીનગરમાં ૫૪૯ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

ગતવર્ષે માણસા તાલુકામાં આ સમયગાળા સુધીમાં ૮૨૩ મિ.મિ., કલોલમાં ૮૦૩ મિ.મિ., દહેગામમાં ૬૬૧ મિ.મિ. અને ગાંધીનગરમાં ૫૫૯ મિ.મિ. વરસાદ નોંધાયો હતો.

## પકડીને જ ઝંપીશુ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આમ હાર્દિક પોલીસના હાથથી છટકી ગયો અને સમગ્ર વિસ્તારમાં ભારે તંગદીલી સર્જાઈ હતી. પોલીસે સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં નાકાબંધી કરી છે. રેન્જ આઈ.જી. હસમુખ પટેલે જણાવ્યું હતું કે, પોલીસ કોઈપણ સંજોગોમાં હાર્દિકને પકડી પાડશે.

હસમુખ પટેલે ટી.વી. ચેનલને મુલાકાતમાં જણાવ્યું હતું કે, પરવાનગી વગર સભા યોજવાનો અને ઉશ્કેરણીજનક ભાષણ કરવાના ગુના હેઠળ હાર્દિક પટેલની અટકાયત કરાશે. એક પ્રશ્નના જવાબમાં હસમુખ પટેલે કહ્યું હતું કે, નેતાગીરીના ગુણો હાર્દિકમાં ઓછા છે. અને ઉશ્કેરાટવાળી વાતો વધુ હોવાને કારણે સમાજને અને રાજ્યને ભારે નુકસાન કરી રહ્યો છે.

પાટીદારો દ્વારા દિવસે ને દિવસે અનામત ને લઈ ને આંદોલન ઉગ્ર બનાવવામાં આવી રહયુ છે. જેમાં સ્થાનીક કક્ષાએ પાટીદારો દ્વારા આંદોલન ને દિવસે ને દિવસે વધુ મજબુત બનાવવા માં આવી રહયુ છે. પાટીદારો દ્વારા હવે સ્થાનિક ધારાસભ્યો અને નેતાઓનો ઘેરાવ કરવામાં આવી રહયો છે જયારે વેલણ વડે થાળી વગાડી નેતાઓના કાર્યક્રમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

આજરોજ અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામે પાટીદારાની અમદાવાદ ખાતે યોજાયેલી મહારેલી બાદ હાર્દીક પટેલ ની ધરપકડ થઈ હતી અને તે બાદ ફાટી નીકળેલા તોફાનોમાં કેટલાક પાટીદાર યુવાનો મોતને ભેટયા હતા. જયારે કેટલાક પાટીદાર યુવાનો પોલીસ દમન ને લઈ ને મોત ને ભેટયા હતા. ત્યારે આ તોફાનોમાં મોતને ભેટેલા પાટીદારોને શહીદ તરીકે ગણાવી તેમને શ્રદ્ધાંજલી આપવાનો એક કાર્યક્રમ આજે અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામે ગોઠવવામાં આવ્યો હતો જેમાં પાટીદાર આંદોલન સમિતિના કન્વીનર હાર્દીક પટેલ જોડાયા હતા. આ શ્રદ્ધાંજલી કાર્યક્રમ બપોરે ૨ વાગ્યે શરૂ થયો હતો. જયારે બીજી બાજુ આજે આ યોજાનાર આટલી મોટી સભાની આયોજકો દ્વારા કોઈપણ જાતની મંજુરી ના હોવાને કારણે હાર્દીક પટેલ આવે તેવી જ ધરપકડ કરવાની હોઈ કાર્યક્રમ શરૂ થાય તે પહેલા સમગ્ર તેનપુર ગામને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ હતુ.

પોલીસનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બપોરે બે વાગ્યાની આસપાસ હાર્દીક પટેલ આ સભામાં ઉપસ્થિત થયો હતો ત્યારે મોટી સંખ્યામાં પાટીદારો ઉપસ્થિત હોઈ પોલીસે શરૂઆતમાં હાર્દીક પટેલની ધરપકડ કરવાનુ ટાળ્યુંહતુ અને સભામાં આવ્યા બાદ મૃત્યુ પામેલા પાટીદારોને શ્રંધ્ધાજલી આપી હતી.

ત્યારબાદ હાર્દીક પટેલને પોતાના ભાષણમાં હુંકાર કર્યો હતો કે પાટીદારો પર દમન ગુજારનાર પોલીસ અને સરકાર પાસેથી અવનારા દિવસોમાં વ્યાજ સાથે હિસાબ લેવામાં આવશે. જયારે આવનારા દિવસોમાં ખેડુતો માટે પણ આદોલન ચલાવવામાં આવશે. જયારે ખેડુતોના ખેતરમાંથી પસાર થતાં વિજ થાંભલાઓનો પણ હિસાબ માંગવામાં આવશે. જયારે હવે પાટીદાર મહિલાઓ દ્વારા થાળી-વેલણ નહી પણ ધોકા ઉપાડવામાં આવશે અને અનામત લઈને જંપીશુ. ગમે તે ભોગ આપવો પડે પરંતુ આપણે આપણો હક લઈ ને જ રહીશુ.

હાર્દીક પટેલ દ્વારા આ કાર્યક્રમ મંજુરી વગર યોજવાને કારણે અરવલ્લી જીલ્લાની પોલીસને પુરતી તૈયારી સાથે ઉતારી દેવામાં આવી અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા અને ડીવાયએસપી કીશોર બડોલીયા સહીતનો પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે હાજર રહયા હતા.

જયારે હાર્દીક પટેલ ધરપકડ થવાના બીકે ગાડી લઈને ભાગ્યો હતો ત્યારે પોલીસે હાર્દીક પટેલીની ધરપકડ કરવા માટે હાર્દીકની પાછળ ગાડીઓ દોડાવી હતી પરંતુ તે સમયે પોલીસની પાછળ પાટીદારો દોડતા પાટીદારોએ રીતસરની પોલીસને દોડાવી હતી. હાર્દીકને આંતરીયાળ રસ્તાઓ પર થઈ ભાગવામાં મદદ કરી હતી ત્યારે એક સમય માટે હાર્દીકના કાર્યકરો દ્વારા હાર્દીકની પોલીસે ધરપકડ કરી છે તેવા સમાચાર ઈલેકટ્રોનીકસ મીડીયા પર વહેતા કરાયાને પગેલે રેન્જ આઈજી હસમુખ પટેલને નિવેદન આપવાની ફરજ પડી હતી કે પોલીસે હાર્દીકની ધરપકડ કરી નથી અને હાર્દીકે વગર મંજુરીએ કાર્યક્રમ યોજવાના આરોપ બદલ તેની ધરપકડ નકકી જ હતી. તેથી ધરપકડથી બચવા માટે હાર્દીક પટેલ ભાગ્યો છે. જયારે આધારભુત સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પોલીસ દ્વારા ૧૩ જેટલા પાટીદારોની ધરપકડ કરી ધનસુરા પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. પરંતુ આ તમામ ૧૩ જેટલા પાટીદારો સામે આંબલીયારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જયારે હાલ આ પાટીદારોની કયા ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી છે તે હજુ પોલીસ દ્વારા મહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો.

## વિચારોના મધુવનમાં (ચોથા પાનાનું ચાલુ...)

સાઈકલને ચલાવે તો દેશનું અર્થતંત્ર દોડતું થઈ જાય.

એક હતા ઉદાભાઈ, તેમને સાઈકલનું વલગણ; ગામ, ખેતર, બજાર કે દુકાન જ્યાં જવાનું થાય ત્યાં સાઈકલ લઈને જાય.એક વાર ઉદાભાઈ નીકળ્યા ફરવા. ઉંમરના કારણે તબીયત થોડી નરમ હતી, રસ્તામાં એક મિત્રનું વાહન મળી જતા સાઈકલ એક ઓળખીતાને ત્યાં મૂકીને તેમની સાથે બેસી ગયા. ગંતવ્ય સ્થાને પહોંચ્યા પછી ખબર પડી કે ત્યાં સાઈકલને તાળું મારવાનું રહી ગયું છે. તેમણે મિત્રને ફોન કર્યો : 'મહેશભાઈ નમસ્કાર! મારે સાઈકલને તાળું મારવાનું રહી ગયું છે તો જરા તાળું મારીને ચાવી તમારી પાસે લઈ લે જો ને !' મહેશભાઈએ કહું કે સારું.. સારું..' બહાર નીકળીને જોયું તો સાઈલક દેખાઈ નહિ. મહેશભાઈને ફાળ પડી. હવે ? ત્યાં તેમનો નાનકો લાલીયો દૂરથી દેખાયો. તે પૂછ્યા વિના સાઈકલનો આંટો મારવા નીકળી પડ્યો હતો. પિતાએ બૂમ પાડી : 'અલ્યા કઈ ભાન છે ? આમ કોઈની સાઈકલ કહ્યા વિના ચલાવાય? દિકરો ડાહ્યો હતો. તેણે કહ્યું 'પપ્પા! તમને ખબર છે ? આપણા ઘરે પેલા કાકા આવતા હતા અને કહેતા હતા કે , મારું ઘર તો અહીયા નજીકમાં છે , તો તેમના ઘરે જઈ આવ્યો. તેમનો દિકરો મારો મિત્ર છે. તેણે મને તેના જન્મ દિવસની ઉજાણીમાં બોલાવ્યો હતો. તમારી રજા માગી હતી પણ તમે ના પાડી હતી. યાદ છે ને? પણ મને એમ થયું કે સાઈકલ મળી છે તો જઈ આવું. પછી લાડ કરતો બોલ્યો: 'પપ્પા મને એક સાઈકલ અપાવો ને. પિતાએ દિકરાની આંખોમાં આજીજી જોઈ. તેમણે હા પાડી. દિકરો ખુશ. સાંજે સાઈકલવાળા ઉદાભાઈ બહારથી આવ્યા. દિવસે બનેલી ઘટના સાંભળીને તે ખુશ થયા. મજાકમાં મહેશભાઈએ કહ્યું. તમે એક સાઈકલ ભલે મૂકી, પણ એક સાઈકલનો નવો અવતાર અહિં જન્મ લેશે. અર્થાત કાલે અમારે ત્યાં પણ નવી સાઈકલ આવે છે. મિત્રના મુખે આ વાત સાંભળીને રોજ સાઈકલ ચલાવનાર મિત્રએ કહ્યું; 'એની કઈ જરૂર નથી' મારે મારા દિકરા પાસે વિદેશ રહેવા જવાનું છે, આથી હું આ સાઈકલ કોઈને ભેટ આપવા માગતો જ હતો. આજે મને તેનો યોગ્ય માલિક મળી ગયો તેનો અતિશય આનંદ છે. બોલો શું કહેશો મહેશભાઈ ? મહેશભાઈ તો એકદમ આભા જ થઈ ગયા. દિકરો કૂદવા જ લાગ્યો. ઘરમાં ખુશીનું વાતાવરણ ફરી વળ્યું.

એક દિવસ ઉદાભાઈને લાલિયો બજારમાં મળી ગયો. ઉદાભાઈ તો બીજી સાઈકલ ચલાવી રહ્યા હતા. લાલિયાને થયું આ કાકા તો જબરા છે, આ તો વિદેશ જવાનું કહીને અહિં જ ફર્યા કરે છે. તેણે બૂમ પાડી પણ ઉદાભાઈ તો નીકળી ગયા. મહેશભાઈને પણ આશ્ચર્ય થયું કે આવું કેવી રીતે બને? તે તો બીજા દિવસે ઉદાભાઈને ઘરે પહોચ્યાં. ત્યાં જઈને જોયું તો ઉદાભાઈના ઘર આગળ ત્યાં સાઈકલો ઉતરતી હતી અને ભંડારમાં ગોઠવાતી હતી. મહેશભાઈ તો જોઈ જ રહ્યાં. ઉદાભાઈને કઈ પૂછે એ પહેલા જ ઉદાભાઈ તેમને ઘરમાં લઈ ગયા. ચા પીતા-પીતા મહેશભાઈએ પૂછી લીધું. 'તમે તો વિદેશ જવાના હતા... ઉદાભાઈની આંખોમા આંસુ હતા. તેમણે કહ્યું મારો દિકરો વિદેશ જ ગયો.... છે .. મહેશભાઈએ ઉભા થઈ ખભા પર હાથ મૂક્યો. 'ઉદાભાઈ મારી ભૂલ થઈ ગઈ. મને ક્ષમા કરો. મને કોઈ વાતની ખબર નથી'. ઉદાભાઈએ સ્વસ્થ થઈને કહ્યું : 'મહેશભાઈ! મારે બે દિકરા હતા. પણ ઘણા વખત પહેલા, જ્યારે બંને શાળામાં ભણતા હતા. ત્યારે... એક દુર્ઘટના... માં નાનો દિકરો હંમેશ માટે... ઘરમાં ધનની કોઈ કમી નહોતી. તેથી ટ્યુશન માટે બંનેને જુદી-જુદી બાઈક લઈ આપી હતી. એક દિવસ એક ગાડીવાળાએ મારા નાના દિકરાનો ભોગ લીધો. ત્યારથી મેં એક મનોમન પ્રતિજ્ઞા લીધી કે હું સાઈકલનો પ્રચાર કરીશ. પણ કોઈને બીચારો બનાવીને નહિ. તેથી જુદ-જુદા બહાના બનાવી મિત્રોના ઘરે સાઈકલ મૂકીને... પછી ભેટ સ્વરૂપે આપીને મારા દિકરાનું તર્પણ કરું છું.

## Hello ફ્રેન્ડ્સ! (ચોથા પાનાનું ચાલુ...)

તો પછી આપણા હાથમાં શું બચ્યું? ઘણું બધું આપણા હાથમાં છે, જિંદગીની આખરી ક્ષણ તો કયારેક સૌની આવવાની જ છે; એટલે એની રાહ જોઈ દુઃખી થવાં કરતાં, 'મળ્યું છે તો ભોગવોને' કહીને મસ્તીથી જીવોને મારા ભાઈ...

આપણને જે કાંઈ મળ્યું છે એ પણ વિચારો તો જાદુઈ જ છે ને, તો પછી એવી મસ્ત જિંદગી જીવો... બહુ પહેલાં એક વાંચેલી વાર્તા અત્યારે સ્નેહલને યાદ આવી ગઈ... ચંદ્રગુપ્ત ચાણક્યને પુછ્યું, 'કિસ્મત પહેલે સે હી લિખી જા ચૂકી હૈ, તૌ કોશિશ કરને સે કયાં હોગા?' ત્યારે ચાણક્યે સરસ જવાબ આપેલો, 'કયા પતા, શાયદ કિસ્મત મે લિખા હો, કોશિશ સે હી મિલેગા!' મહાબળેશ્વરના એ નાનકડા જાદુગરે આજે સ્નેહલને આ વાર્તાને માણવાનો એક નવો અર્થ બતાવ્યો!!

ચૂંટલો : જિંદગીમાં અમુક ઘટનાઓ ખરેખર જાદુઈ બનતી હોય છે, ત્યારે એ વિશિષ્ટ જાદુગરનો પરચો જોવાં મળે છે, આપણે જો હાથસફાઈ કે હાથચાલાકી ન અજમાવીએ તો કમસેકમ બીજાને છળકપટથી બચાવી શકીએ. બાકી આપણી જિંદગીમાં કયારે શું જાદુઈ થાય, કહી ન શકાય!